Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# બદલાતા સામાજિક પરિવેશમાં ડીસા શહેરની સ્વાવલંબી મહિલાઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા: એક સમાજશાસ્ત્રીય અધ્યયન.

Heenaben Rameshbhai Thakkar
Assistant Professor & Head, Department of Sociology,
DNP Arts & Commerce College, Deesa
Email: hannytanna82@gmail.com, Mo.: 7984008100

**સારાંશ-**

પ્રસ્તુત સંશોધન પત્રમાં ડીસા શહેરના બદલાતા સામાજિક અને આર્થિક માળખામાં સ્વાવલંબી મહિલાઓ "working women's " ની બદલાતી જતી સ્થિતિનું વિશ્લેષણ કરે છે. આધુનિક યુગમાં શિક્ષણ અને રોજગારીની તકો વધી છે ત્યારે મહિલાઓ ઘરની પરંપરાગત ભૂમિકા છોડી અને વ્યવસાયિક ક્ષેત્રે પદાર્પણ પણ કરી રહી છે. આ અભ્યાસનો ઉદ્દેશ્ય ડીસાની સ્વાવલંબી મહિલાઓના સામાજિક દરજ્જામાં આવેલ પરિવર્તનો અને બેવડી ભૂમિકા દરમિયાન આવતા પડકારોને સમજવાનો છે.

આ સંશોધનમાં વર્ણનાત્મક અને વિશેષાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ડીસા શહેરમાં વિવિધ કાર્યક્ષેત્રે કાર્યરત મહિલાઓ પાસેથી પ્રાથમિક માહિતી એકઠી કરી તારણો દર્શાવવામાં આવ્યા છે. જેમાં આર્થિક સ્વાવલંબન ના કારણે મહિલાઓના કૌટુંબિક નિર્ણય લેવાની શક્તિમાં વધારો થયો છે અને સમાજમાં સ્વીકૃતિ કે સમાવિષ્ટામાં વૃદ્ધિ થઈ છે જો કે પિતૃસત્તાક માનસિકતા અને કાર્ય જીવનમાં સંતુલન જાળવવામાં તેઓ હજુ પણ અનેક સામાજિક માનસિક દબાણનો સામનો કરી રહી છે અહીં સ્ત્રી સશક્તિકરણ ને વેગ આપવા જરૂરી એવા સૂચનો પણ અભ્યાસ પત્રમાં રજૂ કરવામાં આવશે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**પ્રસ્તાવના –**

**યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા:**

**(આ શ્લોક મનુસ્મૃતિનો છે.)**

પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓનું સ્થાન ગૌરવપણ રહ્યું છે.

પરંતુ 21મી સદીના આધુનિક યુગમાં સ્ત્રીઓની ભૂમિકા માત્ર ઘરકામ બાળ ઉછેર કે ખેતી પશુપાલનમાં મદદરૂપ થવું કે પછી ચાર દીવારમાં જ સમગ્ર જીવન વ્યતીત કરવું એ પૂરતી મર્યાદિત નથી આજે સ્ત્રીઓ સામાજિક ક્ષેત્રને ઓળંગીને આર્થિક ક્ષેત્રે રાજકીય ક્ષેત્રે પુરુષોની સમકક્ષ કાર્ય કરી રહી છે.

સમાજશાસ્ત્રીય દ્રષ્ટિ કોણ થી જોઈએ તો મહિલાઓનું વ્યવસાયિક ક્ષેત્રે આગમન એ સામાજિક પરિવર્તનની મોટી પ્રક્રિયા છે. જ્યારે સ્ત્રી ઘરની બહાર નીકળી કામ કરે છે ત્યારે તેની અસર માત્ર સમાજ પૂરતી જ નહીં પણ આર્થિક ક્ષેત્ર પણ એટલી જ અસર ઉપજાવે છે. તેમજ સંસ્થાકીય માળખામાં પરિવર્તન લાવે છે. કૌટુંબિક માળખું,લગ્ન અંગેના નિર્ણયો, સામાજિક દરજ્જો,સત્તા, નિર્ણય લેવાની શક્તિ પર પણ અસર ઉપજાવે છે.

બનાસકાંઠા જિલ્લો મહત્વના વેપારી કેન્દ્ર તરીકે ઝડપી વિકાસ પામી રહ્યો છે. ખેતી પશુપાલન તેમજ તે આધારિત ઉદ્યોગો અને શિક્ષણ - સેવાના ક્ષેત્રે વિકાસ થઈ રહ્યું છે. તમામે ક્ષેત્રો માં મહિલાઓનું યોગદાન  માં વધારો થઇ રહ્યો છે. આજે ડીસા શહેરી ક્ષેત્રે મહિલાઓ શિક્ષણ સંસ્થા, બેન્કિંગ,પાર્લર, ફેશન ડિઝાઈનર, વિવિધ સેવા ક્ષેત્રો જેમ કે ડોક્ટર, નર્સ,કોન્સ્ટેબલ, બસ કંડક્ટર, વગેરે..આમ સમય સાથે વિવિધ ક્ષેત્રોમાં ઝંપલાવ્યું છે અને તે કારણે તેમનો દરજ્જો અને ભૂમિકામાં પણ મહત્વના ફેરફારો જોવા મળે છે.

**Key word(મુખ્ય ચાવીરૂપ શબ્દો-**

**સામાજિક પરિવેશ(Social Environment)**

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

સામાજિક પરિવેશ એટલે વ્યક્તિની આસપાસનું એવું સામાજિક માળખું કે વાતાવરણ જેમાં તે જીવે છે, ઉછરે છે અને જે તેના વિચારો તથા વર્તનને પ્રભાવિત કરે છે.

સરળ શબ્દોમાં કહીએ તો, માણસ જે સમાજમાં રહે છે, ત્યાંના લોકો, ત્યાંના રીત-રિવાજો અને માન્યતાઓનો સમૂહ એટલે સામાજિક પરિવેશ.

**ડીસા શહેર-**

ડીસા એ એક એવો સમાજ છે જે પરંપરાગત ખેતી અને આધુનિક વેપાર વચ્ચે સંતુલન જાળવે છે. તે 'ગ્રામીણ-શહેરી સાતત્ય' (Rural-Urban Continuum) નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

**સ્વાવલંબી મહિલાઓ-**

એટલે એવી સ્ત્રીઓ જે પોતાની જરૂરિયાતો, નિર્ણયો અને આર્થિક સુરક્ષા માટે અન્ય વ્યક્તિઓ કે સંસ્થાઓ પર આધાર રાખવાને બદલે પોતે સક્ષમ હોય છે.

આ માત્ર આર્થિક બાબત નથી, પણ એક માનસિક અને સામાજિક અભિગમ પણ છે.

સમાજશાસ્ત્રમાં 'દરજ્જો' (Status) અને 'ભૂમિકા' (Role) એ સિક્કાની બે બાજુઓ જેવા છે. કોઈપણ સામાજિક વ્યવસ્થાને સમજવા માટે આ બે પાયાના ખ્યાલો સમજવા ખૂબ જરૂરી છે.

સરળ શબ્દોમાં કહીએ તો: દરજ્જો એ 'સ્થાન' છે, જ્યારે ભૂમિકા એ તે સ્થાન મુજબ કરવાનું કાર્ય છે.

**સમાજશાસ્ત્રીય અધ્યયન-**

સમાજની ઘટનાઓ, જૂથો, સંસ્થાઓ અને માનવીય વર્તનને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજવાની પ્રક્રિયા. તે માત્ર ઉપરછલ્લું નિરીક્ષણ નથી, પરંતુ કાર્ય-કારણ સંબંધોને તપાસતી પદ્ધતિ છે.

ઉત્કલ્પના-

**આર્થિક આત્મનિર્ભરતા અને દરજ્જો -**

એવી ધારણા છે કે સ્વાવલંબી મહિલાઓનો આર્થિક નિર્ભરતાના કારણે કુટુંબ પરિવાર સમાજમાં માન સન્માન અને સામાજિક દરજ્જામાં નોંધપાત્ર વધારો થયો છે.

**નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી-**

એવી પૂર્વધારણા છે કે મહિલાઓ આર્થિક રીતે પગભર હોય તો ઘરના મહત્વના નિર્ણયો જેવા કે મિલકત,બાળકોનું શિક્ષણ,લગ્ન, રોકાણ કરવા અંગે ના નિર્ણયો વગેરે લેવાની સત્તામાં વધારો થયો છે.

ભૂમિકા અને સંઘર્ષ એવી ધારણા છે કે કામકાજે મહિલાઓને ઓફિસ કે નોકરી ક્ષેત્રે અને ઘરે એમ બેવડી જવાબદારી નિભાવવાની નિભાવવામાં શારીરિક થાક માનસિક તણાવનું સામનો કરવો પડે છે સામાજિક પરિવર્તન ડીસા શહેરમાં પરંપરા ધીમે ધીમે ઘટી રહી છે સમાજનો દ્રષ્ટિ કોણ સકારાત્મક બન્યો છે

**આર્થિક આત્મનિર્ભરતા અને દરજ્જો -**

•સ્વાવલંબી મહિલાઓનો આર્થિક નિર્ભરતાના કારણે કુટુંબ પરિવાર સમાજમાં માન સન્માન અને સામાજિક દરજ્જામાં નોંધપાત્ર વધારો થયો છે.

~નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી-

• મહિલાઓ આર્થિક રીતે પગભર હોય તો ઘરના મહત્વના નિર્ણયો જેવા કે મિલકત,બાળકોનું શિક્ષણ,લગ્ન, રોકાણ કરવા અંગે ના નિર્ણયો વગેરે લેવાની સત્તામાં વધારો થયો છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**ભૂમિકા અને સંઘર્ષ-**

•સ્વાલંબી મહિલાઓને ઓફિસ કે નોકરી ક્ષેત્રે અને ઘરે એમ બેવડી જવાબદારી નિભાવવામાં શારીરિક થાક, માનસિક તણાવ નો સામનો કરવો પડે છે.

**સામાજિક પરિવર્તન -**

•ડીસા શહેરમાં રૂઢિચુસ્ત પરંપરા ધીમે ધીમે ઘટી રહી છે. સમાજનો દ્રષ્ટિ કોણ સકારાત્મક બન્યો છે.

**સંશોધન ના હેતુઓ.-**

આ સંશોધન પેપર નું મુખ્ય હેતુઓ છે કે સ્ત્રીઓની સામાજિક સ્થિતિ તપાસવી.

•ડીસા શહેરમાં કાર્યરત મહિલાઓની સામાજિક પૃષ્ઠભૂમિ ( શિક્ષણ,જ્ઞાતિ, કુટુંબનો પ્રકાર )વગેરે વિશેની માહિતી મેળવવી.

•આર્થિક રીતે આત્માનિર્ભર બન્યા પછી દરજ્જામાં આવેલ પરિવર્તન ચકાસવું. મહિલાઓનું ઘર સમાજમાં સ્થાન એટલે કે દરજ્જો શું? નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓની સ્વીકાર્યતા કેટલી છે? તે ચકાસવું.

• ભૂમિકા સંઘર્ષ એટલે કે બેવડી ભૂમિકા અને એમાંથી પેદા થતા અવરોધો ચકાસવા ઘર કામ અને નોકરી-ધંધા સ્થાને કાર્ય વચ્ચે સંતુલન સાધવા કેવા પ્રકાર ની સામાજિક- માનસિક પરિસ્થિતિનો સામનો કરવો પડે છે તે ચકાસવું.

**સંશોધન ની પદ્ધતિ-**

અભ્યાસ ક્ષેત્ર :- ડીસા શહેરમાં વિવિધ ક્ષેત્રે કાર્યરત મહિલાઓમાં આવેલા બદલા તપાસવા માટે આ એક આદર્શ ક્ષેત્ર છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**•રિસર્ચ પેપરનું સ્વરૂપ:-**

વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક.

જેમાં સ્વાવલંબી મહિલાઓના ભૂતકાળ અને વર્તમાન દરજ્જાની તુલનાત્મક સમજૂતી આપવામાં આવી છે.

**• નમૂના પસંદગી:-**

સમગ્ર ડીસા શહેરની તમામ સ્વાવલંબી મહિલાઓના અભ્યાસ કરવો શક્ય ન હોવાથી ઉદ્દેશ્યલક્ષી નમૂનો પસંદ કરવામાં આવશે જેમાં કુલ 50 મહિલાઓ કે જે નોકરી કે અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા છે તે પસંદ કરવામાં આવી છે અને જેમની ઉંમર 20 થી 35 વર્ષની વચ્ચે છે તેમજ એમાં પરિણીત અને અપણિત એમ બંને પ્રકારની મહિલાઓનો સામેલ કરવામાં આવી છે.

**માહિતીનો સ્ત્રોત**

**• પ્રાથમિક માહિતી:-**

સંશોધક પોતે ડીસાની સ્વાવલંબી મહિલાઓની રૂબરૂ મુલાકાત લઇ તૈયાર કરેલી પ્રશ્નાવલી દ્વારા માહિતી એકત્રિત કરી છે.

**• ગૌણ માહિતી:-**

વિષયને અનુરૂપ ઊંડાણપૂર્વક સમજ કેળવવા માટે અગાઉના સંશોધનો તેમજ સમાજશાસ્ત્રના વિવિધ પુસ્તકો, લેખો, મેગેઝીનો સરકારી દસ્તાવેજો,ઇન્ટરનેટ વગેરેનો ઉપયોગ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે.

**માહિતી નો અર્થઘટન અને વિશ્લેષણ.-**

અહીં રિસર્ચ પેપરમાં ડીસા શહેરમાં વિવિધ ક્ષેત્રે કાર્યરત મહિલાઓમાંથી 50 મહિલાઓને નમૂના પસંદગી કરાયેલ છે. જેમાં સંગઠિત અને અસંગઠીત એમ બંને ક્ષેત્રે કાર્યરત છે.પસંદ કરેલ મહિલાઓની ઉંમર 25 થી 35 લીધેલી છે. તેમજ પરણીત અને અપરણિત તેમ બંને પ્રકારની મહિલાઓના ડેટા આપેલ છે. વિવિધ ક્ષેત્રે કાર્યરત સ્વાવલંબી મહિલાઓનું કાર્યક્ષેત્ર સરકારી નોકરી, પ્રાઇવેટ સેક્ટરમાં જોબ વિવિધ વ્યવસાયો જેવા કે બ્યુટી પાર્લર, કપડા સીવવાનું કામ, મહેંદી આર્ટિસ્ટ,જિમ ટ્રેનર, ડાન્સ કોચિંગ, ઘરે બેઠા કોમ્પ્યુટર વર્ક,ગૃહ ઉદ્યોગમાં જોડાયેલ, ભરત ગુંથણ કરતી મહિલાઓ તેમજ સેવાકીય ક્ષેત્રોમાં જોડાયેલ ઉપરાંત જાહેર રસ્તાઓમાં સફાઈ કરતી મહિલાઓ ફ્રુટ કે શાકભાજી વેચાણ કરતી મહિલાઓ કટલેરી કે સ્ટેશનરી કે કપડા વગેરે વેચાણ કરતી, દુકાન પર બેસતી મહિલાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામે સ્વાલંબી મહિલાઓને નીચે મુજબના પ્રશ્નો પૂછી સામાજિક પરિવેશમાં તેમનો દરજ્જા અને ભૂમિકામાં કેવા પ્રકારના બદલાવ કે પરિવર્તન આવ્યું છે?


તે જાણવા માટે પ્રયાસ થયેલો છે.

જેના પ્રશ્નો નીચે મુજબ છે.

**આર્થિક સ્વાવલંબન-**

1) એક સ્વાવલંબી સ્ત્રી તરીકે શું તમે તમારી આવકનો ઉપયોગ પરિવારની સલાહ લીધા વગર સ્વતંત્ર રીતે કરી શકો છો?

A) હા,હંમેશા B) ક્યારેક જ C) ના, ક્યારેય નહિ



Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X


**•નિર્ણય પ્રક્રિયા-**

1) સ્વાવલંબી બન્યા પછી શું ઘરના મહત્વના નિર્ણયો દાખલા તરીકે રોકાણ (સંપત્તિ કે સોનુ ની ખરીદી,FD કરાવી કે બેંક ને લગતા કામ,બાળકોના શિક્ષણને લગતા નિર્ણયો માં તમારી ભૂમિકા નિર્ણાયક બની છે?

A) હા હંમેશા

B) ક્યારેક

C)ના ક્યારેય નહિ.





**•દરજ્જો અને સ્વાલંબાન -**

1) તમારા પરિવાર, તમારા જ્ઞાતિ સમુદાય અને તમારા ગામ કે શહેર કે પછી તમારા સમાજમાં એક સ્વાવલંબી સ્ત્રી તરીકે સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થયો છે?

A)હા થયો છે

B)થોડોક થયો છે.

C)ના ક્યારેય નહીં.



Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X


**•ભૂમિકા સંઘર્ષ અને સ્વાલંબાન-**

1) એક સ્વાવલંબી સ્ત્રી તરીકે શું તમને ઘરની પરંપરાગત ભૂમિકા એટલે કે ગૃહિણી તરીકેની અને વ્યવસાયિક ભૂમિકા વચ્ચે સંતુલન જાળવવામાં મુશ્કેલી પડે છે?

A)હા હંમેશા.

B) કોઈક વાર.

C)ક્યારેય નહી.





**• વ્યક્તિગત સ્વાતંત્રતા-**

1)તમારા પોતાના મોજ -શોખ કપડાની ખરીદી કરવી હરવું-ફરવું ખાવુ-પીવું વગેરે માટે તમારે કોઈની પરવાનગી લેવી પડે છે?

A) હા હંમેશા લેવી પડે છે.

B)ક્યારેક જાણ કરવી પડે છે.

C)ક્યારેય જાણ કરવી પડતી નથી.



Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**સંદર્ભ-સૂચી-**

ગઢવી, એન. કે. (૨૦૧૮). ગુજરાતનો પ્રાદેશિક ઇતિહાસ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. (ડીસાના ઐતિહાસિક સંદર્ભ માટે).

શાહ, એ. જી. અને દવે, જે. કે. (૨૦૨૨). સમાજશાસ્ત્ર પરિચય. અમદાવાદ: અનડા પ્રકાશન. (દરજ્જો, ભૂમિકા અને સામાજિક પરિવેશના સૈદ્ધાંતિક અભ્યાસ માટે).

પટેલ, તુલસી. (૨૦૦૭). ભારતમાં લિંગભેદ અને સ્ત્રીઓનો દરજ્જો. નવી દિલ્હી: ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ. (સ્વાવલંબી મહિલાઓના મુદ્દા માટે).

વાઘેલા, એચ. એસ. (૨૦૧૫). સામાજિક સંશોધન પદ્ધતિશાસ્ત્ર. રાજકોટ: પ્રવીણ પ્રકાશન. (સમાજશાસ્ત્રીય અધ્યયન પદ્ધતિઓ માટે).

જોશી, આર. એમ. (૨૦૧૯). "ઉત્તર ગુજરાતમાં કૃષિ-સમાજશાસ્ત્ર: ડીસાના બટાકા ઉત્પાદકોનો એક અભ્યાસ". ગુજરાત સામાજિક વિજ્ઞાન જર્નલ, વોલ્યુમ ૧૨, અંક ૩.

મહેતા, એસ. વી. (૨૦૨૦). "ગ્રામીણ ભારતમાં મહિલા સ્વાવલંબન: સખી મંડળની ભૂમિકા". સમાજ દર્શન, પૃષ્ઠ ૪૫-૫૮.

૪. વેબ સ્રોત (Web Resources):

બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર. (૨૦૨૪). "ડીસા શહેરનો પરિચય". https://banaskantha.gujarat.gov.in પરથી પ્રાપ્ત.